શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૭
જુલાઈ : ૨૦૨૪

अथैकदा दिव्यतपास्तपस्तपंस्तपस्विनां कौतुककारकर्मकः ।
यथेष्टयोगाय वने वसन्वशी स वर्णिवेषोऽवतु धर्मनन्दनः ॥

બ્રિટનના વડાપ્રધાન આદરણીય ઋષિ સુનકજી કેન્ટન-હેરો મંદિરે દર્શને પધારતા પૂજ્ય સ્વામીજી, સંતો તથા મંદિરના અગ્રણીઓ દ્વારા સત્કાર. સંતો દ્વારા વડતાલ દ્વિશતાબ્દિ મહોત્સવમાં પધારવા આમંત્રણ અપાયું - લંડન

વિશ્વ યોગ દિવસે રીબડા ગુરુકુલ ખાતે તથા દ્રોણેશ્વર ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા તુલસી શ્યામ મંદિરે યોગાભ્યાસ

વડતાલ ખાતે દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે આયોજિત ધૂન, મહાપૂજા તથા સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો-ભક્તો

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, જુલાઈ : ૨૦૨૪, અંક : ૦૭

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

તોહે મેરી બાંહ ગ્રહે કી લાજ...

આજ રહો રસિયા મારે મંદિરે,
હૈયું હેતું કરી હેત વા'લા...આજ૦
હું તો સારી પેરે સેવા કરું,
સોંપી તન મન ધન સમેત વા'લા...આજ- ૧
જેમ કે'શો તેમ કરશું,
રે'શું ઘગભર ઊભાં પાસ વા'લા;
દીન જાણીને દયા કરો,
અમે છૈયે તમારાં દાસ વા'લા...આજ-૨
તમ વિના ત્રણ લોકમાં,
નથી કરવા અમારે ઠામ વા'લા;
વણદીઠે વીતે દન વસમો,
તે તો કોયે ન આવે કામ વા'લા...આજ-૩
મુને મુખ જોયે સુખ ઉપજે,
વળી જાય દલડાની દાઝ વા'લા;
મુને પ્યારા લાગો છો પ્રાણથી,
તમે નિષ્કુળાનંદના રાજ વા'લા...આજ-૪

અનુક્રમણિકા

૧. ભગવાન કૃપાસાધ્ય કે સાધનસાધ્ય ૦૪
૨. બાળકોને ખોટું બોલતા કોણ શિખવે છે ? ૦૬
૩. અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી ૦૯
૪. ભક્તિનો અમૃત પ્રવાહ ૧૪
૫. સમાચાર દર્શન ૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

ભગવાન કૃપાસાધ્ય કે સાધનસાધ્ય ?

- સ્વામી માધવપ્રિયદાસ

એક સાધન-વિવેક સમજવાની જરૂર છે. કોઈ એમ માને કે 'હું ધર્મ-જ્ઞાનાદિ સાધનોથી પરમાત્માને પ્રાપ્ત કરી લઉં', તો એ શક્ય નથી. ભગવાન કૃપાસાધ્ય છે, સાધનસાધ્ય નથી.

સાધનો ચિત્તશુદ્ધિ અને પરમાત્માની પ્રસન્નતા માટે છે. સાધનોથી પ્રસન્ન થયેલા પરમાત્મા જીવનું કલ્યાણ કરે છે માટે સાધકે ભગવાનની કૃપાનું બળ રાખવું, સાધનોનું નહીં.

આ અંગે વચનામૃત ગ.મ. ૬૬માં ભગવાન શ્રીસ્વામિનારાયણે કરેલી વાતનો સાર નીચે પ્રમાણે છે.

એક વાર ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુરમાં સભા ભરીને વિરાજમાન હતા. સભામાં બેઠેલા મહાવિદ્વાન નિત્યાનંદ સ્વામીને ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાન પમાય છે ?

જો તમે એમ કહેશો કે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ એ ચાર સાધનથી ભગવાન પમાય છે; એમ કહીએ તો એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે, એવા અનન્યભાવનો નિર્ધાર રહેતો નથી અને જો એક આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે એમ કહીએ તો અન્ય સાધનોની આવશ્યકતા રહેતી નથી. તો શું સમજવું ?"

નિત્યાનંદ સ્વામીથી પ્રશ્નનું સમાધાન થયું નહીં, ત્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણ બોલ્યા, "કલ્યાણ તો એક ભગવાન વતે જ છે, પરંતુ એ સર્વે સાધન ભગવાનની પ્રસન્નતાને અર્થે છે."

॥ सेवामुक्तिश्च गम्यताम् ॥

મનુષ્યજીવન ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ માટે છે. મનુષ્યજીવનનું શ્રેષ્ઠ અને અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષનું બીજું નામ આત્યંતિક કલ્યાણ છે.

કલ્યાણ અનેક પ્રકારનાં છે. આ લોકમાં અનેક પ્રકારે સુખે રહેવાય એનું નામ પણ કલ્યાણ છે.

દેવલોકનાં સુખ મળે એ પણ કલ્યાણ કહેવાય. બ્રહ્મલોકનાં સુખ મળે એ પણ કલ્યાણ કહેવાય.

પરંતુ આ બધાં કલ્યાણ સ્થાયી નથી. આ બધાં કલ્યાણથી જન્મ-મરણના ફેરા ટળતા નથી. લખચોરાશી ટળતી નથી.

એક કલ્યાણ એવું છે કે જે શાશ્વત આનંદરૂપ છે, જ્યાં ગયા પછી સંસારનું પુરાવર્તન રહેતું નથી.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે,

यद्गत्वा न निवर्तन्ते तद्धामपरमं मम ।(गीता-१५-६)

વિવિધ ધર્મોમાં મોક્ષપદાર્થ અંગે ખૂબ જ મંથન કરવામાં આવ્યું છે.

કોઈ મરણને મોક્ષ કહે છે. કોઈ સ્વર્ગપ્રાપ્તિને મોક્ષ કહે છે. કોઈ દુઃખનિવૃત્તિને મોક્ષ કહે છે. કોઈ નિર્વાણને મોક્ષ કહે છે.

કોઈ માયાનિવૃત્તિને મોક્ષ કહે છે. કોઈ બ્રહ્મભાવની પ્રાપ્તિને મોક્ષ કહે છે.

શાસ્ત્રમાં स्वस्वरूपार्विभावः શબ્દ આવે છે. માત્ર બ્રહ્મરૂપ થવું એ જ સ્વસ્વરુપાર્વિભાવ નથી.

આત્માનો સેવકભાવ નિત્યસિદ્ધ છે, મુક્તિદશામાં પણ તે રહે છે. માટે બ્રહ્મરૂપ થઈ સેવકભાવે પરબ્રહ્મ સાથે

જોડાવું એજ સાચો સ્વસ્વરુપાર્વિભાવ છે.

શ્રુતિ કહે છે :

अस्माच्छरीरात्समुत्थाय परंज्योतिरूपसम्पद्य स्वेन रूपेणऽभिनिष्पद्यते ।(छा.उ.-८-१२-२)

'શરીરમાંથી મુક્ત થયેલો આત્મા પરંજ્યોતિ સ્વરૂપ પરમાત્મા સાથે સેવકભાવે જોડાય છે અને બ્રહ્મભાવમાં રમણ કરે છે.'

બ્રહ્મસૂત્રના ચોથા અધ્યાયમાં મુક્તિપાદમાં ભગવદ્પાદ્ રામાનુજાચાર્યજીએ આ વાત સારી રીતે સમજાવી છે.

મોટા ભાગના વૈષ્ણવાચાર્યોના મતે માત્ર બ્રહ્મરૂપ થવું એ જ મુક્તિ નથી, બ્રહ્મભાવ તો પરબ્રહ્મની પ્રાપ્તિનું સાધન છે. જેમ ખાણમાંથી મૂલ્યવાન હીરો મળે અને એ હીરાના પેલ પડે ત્યારે એ હીરો ઝળહળી ઊઠે છે, હીરાનું આ રૂપ અત્યંત રમણીય છે; પણ એ જ હીરો કોઈ અલંકારમાં જડાય છે ત્યારે એની શોભા અનેકગણી વધી જાય છે, એ જ રીતે બ્રહ્મરૂપ થવું એ ઘણી સારી વાત છે, પરંતુ બ્રહ્મરૂપ થયા પછી પરબ્રહ્મનાં ચરણોની સેવામાં જોડાવું એ અતિ મહત્ત્વની વાત છે.

શુકદેવજી મહારાજ બ્રહ્મરૂપ થયા હતા અને પછી હઠાત્ પરબ્રહ્મના ગુણગાન ગાવામાં તલ્લીન થઈ ગયા હતા, ત્યારે એનો બ્રહ્મભાવ વિશેષ દીપી ઊઠ્યો હતો.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, 'બ્રહ્મરૂપ થાવું અને પરબ્રહ્મ ભજવા.'

ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહે છે કે,

'तत्र ब्रह्मात्मना कृष्ण सेवामुक्तिश्च गम्यताम् ।'

'ભગવાનના દિવ્ય ધામમાં બ્રહ્મભાવે પરબ્રહ્મની સેવા કરવી એને મુક્તિ જાણવી.'

શાસ્ત્રોમાં ચાર પ્રકારની મુક્તિ પ્રસિદ્ધ છે. ભગવાનના લોકમાં રહેવું, ભગવાનના જેવું ઐશ્વર્ય પામવું, ભગવાનની સમીપમાં રહેવું, ભગવાનનાં જેવું રૂપ પામવું.''

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, ''આ ચાર પ્રકારની મુક્તિ છે એને ભગવાનનો ભક્ત નથી ઇચ્છતો ને કેવળ ભગવાનની સેવાને ઇચ્છે છે.''(વચ.ગ.પ્ર.૪૩)

શ્રીમદ્ ભાગવતજીમાં ભગવાન કપિલ નારાયણ માતા દેવહૂતિને કહે છે,

सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।

दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥

(भाग.३-२९-१३)

''ચાર પ્રકારની મુક્તિમાં જો મારી સેવા ન હોય તો મારો નિષ્કામ ભક્ત ચાર પ્રકારની મુક્તિને પણ ઇચ્છતો નથી. અરે ! હું રાજી થઈને આપું તો પણ સ્વીકારતો નથી. નિષ્કામ ભક્ત તો એક મારી સેવાને જ ઇચ્છે છે.''

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે,

''આવા નિષ્કામ ભક્તને ભગવાન પોતાની સેવામાં અખંડ રાખે છે.''

ભગવાન શ્રીસ્વામિનારાયણે કરુણા કરીને પોતાના ભક્તને અંત સમયે અક્ષરધામમાં તેડી જવાનો કોલ આપ્યો છે.

ભક્તચિંતામણિમાં કહ્યું છે કે,

'મારા જનને અંતકાળે જરૂર મારે આવવું,

બિરુદ મારું એ ન બદલે, તે સર્વ જનને જણાવવું.'

(ભ.ચિ.પ્ર.-૬૮-૩)

ભગવાન શ્રીસ્વામિનારાયણે આજપર્યંત પોતાનું આ વચન પાળ્યું છે, તેઓ આજે પણ પોતાના ભક્તને અંત સમયે દર્શન આપીને ધામમાં તેડી જાય છે.

સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિના આ કરુણામય સ્વભાવને વંદન કરતાં આરતીમાં ગાયું છે કે,

'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી,

મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી....'

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં મુક્તિનો સરળ માર્ગ બતાવતા કહે છે કે,

''ભગવાનની ઉપાસના કરવી ને ભગવાનનાં ચરિત્ર ગાવવાં-સાંભળવાં ને ભગવાનનું નામસ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી, એ તો જેમ વહાણમાં બેસીને સમુદ્ર તરવો એવો સુગમ માર્ગ છે અને આત્મદર્શને કરીને કલ્યાણ કરવું તે તો જેમ તુંબડા બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે.''(વચ.ગ.મ.૩૫)

''જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે.''(વચ.વ.૧૦)

''અને ભગવાન જ્યારે પૃથ્વીને વિશે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.''

''અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિશે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી, તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.''(વચ.વ.૧૦)

●●●

બાળકોને ખોટું બોલતા કોણ શીખવે છે ?

- શ્રી ભાણદેવજી

હિમાલયનાં એક દૂરસુદૂર ગામમાં જવાનું બન્યું. આ ગામની ચારેય બાજુ વિશાળ પહાડો છે. આ આખો વિસ્તાર વર્ષના છ મહિના બરફથી ઢંકાયેલો રહે છે. આ ગામના લોકોનો બહારની દુનિયા સાથેનો સંબંધ નહિવત છે. તેમનો અન્ય કોઈ ગામો સાથે લેવડ-દેવડ કે રોટી-બેટી વ્યવહાર પણ નથી.

આ ગામમાં કોઈ ઘરે તાળાં લાગતાં નથી. તાળું અને ચાવી શું છે, તેની કોઈને ખબર જ નથી. ચોરી થતી જ નથી. ગામમાં કોઈ ખોટું બોલતું જ નથી. ખોટું બોલવાની વિદ્યા હજુ ત્યાં પહોંચી જ નથી !

વડીલો ખોટું બોલતાં નથી એટલે બાળકો પણ ખોટું બોલતાં નથી.

અમે આ ગામમાં એક રાત્રિ નિવાસ કર્યો છે. પાછા ફરતી વખતે ચાલતાં ચાલતાં મનમાં વિચાર ચાલે છે - "બાળકોને ખોટું બોલતાં કોણ શીખવે છે ?"

ઉત્તર સ્પષ્ટ છે -

- બાળકોને ખોટું બોલતાં માતા-પિતા શીખવે છે.

માતા-પિતા બાળકો સાથેના વ્યવહારમાં ખોટું બોલે છે.

માતા-પિતા અન્યોન્યના વ્યવહારમાં ખોટું બોલે છે.

માતા-પિતા આડોશી-પાડોશી કે અન્ય લોકો સાથેના વ્યવહારમાં ખોટું બોલે છે.

બાળકો આ જુએ છે, સાંભળે છે અને તેમની પાસેથી અનુકરણ દ્વારા ખોટું બોલતાં શીખે છે.

અમે માતાપિતા અને સંતાનો વચ્ચેનો આ સ્વરૂપનો સંવાદ અનેકવાર સાંભળ્યો છે.

બાળક ખોટું બોલે છે.

પિતા તેને ઠપકો આપે છે. લપડાક પણ મારી દે છે અને કહે છે -

"ખોટું કેમ બોલ્યો? ખોટું ન બોલાય !"

બાળક મનમાં મનમાં અને ક્વચિત મુખેથી પણ સામે ઉત્તર આપે છે -

"પણ પપ્પા! તમે પણ ખોટું તો બોલો છો. મેં અનેકવાર સાંભળ્યું છે ! કાં મમ્મી ! મારા પપ્પા ખોટું બોલે છે કે નહીં?"

મમ્મી શું ઉત્તર આપે ? અને છતાં મમ્મી ઉત્તર આપે છે - "હા, સાચી વાત ! બેટા ! તારા પપ્પા ખોટું બોલે છે."

અને બાળક આગળ ચલાવે છે -

"અને મમ્મી! તું પણ ખોટું બોલે છે. કાં પપ્પા! મારી મમ્મી ખોટું બોલે છે કે નહીં? પપ્પા! શો ઉત્તર આપે? તેરી ભી ચૂપ! મેરી ભી ચૂપ!"

બાળક માતા-પિતાના ઉપદેશ, ઠપકા આદિ દ્વારા શીખતું નથી, તેમના વાણી અને વ્યવહારને જૂએ છે અને તેવા માધ્યમ દ્વારા શીખે છે. 'બાળકને શું ખબર પડે ?' તેમ માનશો નહીં. બાળકો વધુ સમજતા હોય છે અને તદ્નુસાર આપણી અસત્ય વાણી અને અસત્ય વ્યવહારને પણ બરાબર સમજે છે, જાણે છે.

આપણે બાળક સાથે અસત્યભાષણ કરીએ અથવા બાળકની હાજરીમાં અસત્યભાષણ કરીએ અને બાળકને સાચું બોલવાનો ઉપદેશ આપીએ તો તે ઉપદેશની બાળક પર કોઈ અસર થતી નથી.

તમારાં બાળકો સાચું જ બોલે એમ તમે ઇચ્છતા હો તો તમારે સાચું બોલવું જોઈએ અને અસત્યભાષણનો ત્યાગ કરવો જોઈએ.

- બાળકો માત્ર માતાપિતા પાસેથી જ ખોટું બોલતાં શીખે છે, તેમ નથી. બાળકો દાદા-દાદી, કાકા-કાકી, મોટા ભાઈ-બહેન કે અન્ય સગાં-સંબંધીઓના વાણી અને વ્યવહારને જૂએ છે અને તેમની પાસેથી પણ સત્યભાષણ કે અસત્યભાષણની શિક્ષા ગ્રહણ કરે છે.
- બાળકો શેરીના મિત્રો, શેરીના વડીલો અને શિક્ષક-શિક્ષિકાઓ પાસેથી પણ સારું-નરસું ઘણું શીખતાં હોય છે. સાવધાન !

તો શું કરવું ?

આમ તો આટલાં લખાણથી શું કરવું અને શું ન કરવું, તે સ્પષ્ટ થઈ જાય તેમ છે. આમ છતાં થોડી વધુ સ્પષ્ટતા માટે અહીં થોડાં સૂચનો પ્રસ્તુત છે.

(૧) માતા-પિતા અસત્યભાષણનો ત્યાગ કરે અને

સત્યભાષણનો સ્વીકાર કરે.

(૨) માતા-પિતા સિવાયના અન્ય વડીલો - દાદા-દાદી, કાકા-કાકી, મોટા ભાઈ-બહેનો આદિ પણ સત્યભાષણનો સ્વીકાર કરે અને અસત્યભાષણનો ત્યાગ કરે.

(૩) માતા-પિતા સાવધાન રહે - બાળક જેમની સાથે રમે છે, હળેમળે છે, તે અન્ય બાળકો કોણ છે, તેમની જીવનશૈલી, તેમની સચ્ચાઈ આદિનું સ્વરૂપ કેવું છે, તે પણ જોવું-જાણવું જોઈએ. બાળકનું કોમળ ચિત્ત સારું કે નરસું તુરત ગ્રહણ કરી લે છે. તેથી બાળકના મિત્રો, રમતસાથી આદિ વિશે પણ માતાપિતાએ સાવધાન રહેવું જોઈએ.

(૪) બાળક જે શાળામાં અભ્યાસ કરે છે, તે શાળાનું વાતાવરણ, તે શાળાના શિક્ષકો, સંચાલકોના સ્વરૂપ વિશે પણ સાવધાન રહેવું જોઈએ.

માતા-પિતા સાવધાન રહે - બાળકનાં જીવન પર અસર કરનારા અનેક અને અનેકવિધ પરિબળો હોય છે.

અમે જાણીએ છીએ કે આ સર્વ પરિબળો પર નિયંત્રણ રાખવાનું સર્વદા અને સર્વદા શક્ય બનતું નથી. પણ માતા-પિતાએ આ સર્વ પરિબળો વિશે સાવધાન તો રહેવાનું જ છે!

સમાપન :

બાળક માટે આ સમગ્ર જગત એક શાળા છે. બાળકની શાળા તો શાળા છે જ. પરંતુ સાથે સાથે ઘર, શેરી, ગામ, નગર, ટી.વી., મોબાઈલ આ સર્વ બાળક માટે શાળા જ છે. આ સત્યને અવગણી ન જ શકાય.

મિડાસનો સુવર્ણપ્રેમ

યુરોપમાં 'ગ્રીસ' નામનો એક દેશ છે. આજે તો આ ગ્રીસ દેશ સાવ ગરીબ અને પછાત બની ગયો છે. પરંતુ એક કાળે ગ્રીસની જાહોજલાલી હતી. ગ્રીસની સંસ્કૃતિ ટોચ પર પહોંચી હતી.

આ ગ્રીસમાં એક રાજા હતો. રાજાનું નામ હતું - મિડાસ. આ રાજા મિડાસ અતિ ધનલોભી હતો. ધન તો તેની પાસે પુષ્કળ હતું, પરંતુ લોભીને કદી સંતોષ થતો નથી. રાજાના મનમાં અપરંપાર સોનું એકઠું કરવાની ખૂબ ઇચ્છા-લાલસા હતી.

રાજા મિડાસને આ બે તત્ત્વો પર ખૂબ પ્રેમ હતો - એક પોતાની પુત્રી અને બીજું આ - સુવર્ણ ! રાજાને ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં એક જ વિચાર આવ્યા કરે, વધારે ને વધારે સોનું પ્રાપ્ત કરવું છે; વધારે ને વધારે સોનું એકઠું કરવું છે, સુવર્ણના ભંડાર ભરી દેવા છે. અરે ! આ રાજા મિડાસને રાત્રે ઊંઘમાં સુવર્ણનાં જ સ્વપ્નાં આવે છે!

એક વાર રાજા મિડાસ પોતાના ખજાનામાં બેઠાં બેઠાં સોનાની ઈંટો અને સોનાના સિક્કા ગણી રહ્યો હતો. ત્યારે તેની સમક્ષ અચાનક એક દેવદૂત પ્રગટ થયા. દેવદૂત મિડાસને કહે છે -

"અરે ! મિડાસ તું તો એક રાજા છો અને રાજાઓમાં પણ ખૂબ ધનવાન છો !"

મિડાસ તો મોઢું ઠાવકું કરીને ઉત્તર આપે છે :

"ના, રે ના! દેવદૂતજી! હું ક્યાં ધનવાન છું? મારી પાસે તો આ એક નાનું રાજ્ય છે અને થોડું સોનું છે. આ કાંઈ બહુ ધન ન ગણાય!"

"તો રાજા મિડાસ! તમારે કેટલું સોનું જોઈએ છે? તમે શું ઇચ્છો છો?"

"દેવદૂતજી! હું જે માગું તે વરદાન આપ આપશો, તેવું વચન આપો તો વરદાન માગું?"

"ભલે, રાજન! તારે જે જોઈએ તે એક વરદાન માગી લે. તું જે માગીશ તે હું આપીશ!"

હવે મિડાસ વરદાન માગે છે :

"હે દેવદૂત! આપ મને એવું વરદાન આપો કે હું જે કોઈ વસ્તુને મારા હાથથી સ્પર્શ કરું, તે વસ્તુ તુરંત સોનું બની જાય!"

દેવદૂત રાજા મિડાસને સમજાવે છે : "રાજા ! તમે આ વરદાન ન

માગો. આ વરદાન માગવામાં તમારી કુશળતા નથી. આ વરદાન પામીને તમે પાછળથી ખૂબ પસ્તાશો; માટે બીજું કોઈ વરદાન માગો!''

રાજા મિડાસ તો હઠ લઈને બેઠા છે અને તદ્નુસાર બોલે છે : ''ના, દેવદૂતજી ! મારે તો આ જ વરદાન જોઈએ. આપ મને વરદાન આપવા ઇચ્છતા હો તો આ જ વરદાન આપો. બીજું નહીં જ!''

''તથાસ્તુ ! ભલે, તેમ થાઓ'' આ પ્રમાણે વરદાન આપીને દેવદૂત તો ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

હવે રાજા મિડાસનો ખરો ખેલ શરૂ થાય છે.

રાજા મિડાસ પોતાની બાજુમાં જ પડેલી ખુરશી પર હાથ મૂકે છે. ખુરશી તુરત સોનાની બની ગઈ. રાજા તો રાજી રાજી થઈ ગયો. મિડાસ ટેબલ પર હાથ મૂકે છે. ટેબલ તુરત સોનાનું બની ગયું. મિડાસ તો આશ્ચર્યચકિત થઈ ગયો અને અતિ હર્ષના આવેગમાં ઉછળવા-કૂદવા લાગ્યો.

મિડાસ એક પાગલ માણસની જેમ દોડવા લાગ્યો અને દોડતો દોડતો પોતાના બગીચામાં ગયો. બગીચામાં જઈને મિડાસ પોતાના આ બગીચાનાં વૃક્ષોને અડવા લાગ્યો. મિડાસ જે જે વૃક્ષને સ્પર્શ કરે છે, તે તે વૃક્ષના થડ, ડાળીઓ, પાંદડાં, પુષ્પો અને ફળ સોનાના બની ગયાં. મિડાસના પગલાં જ્યાં જ્યાં પડ્યા, તે જમીન પણ સોનાની થઈ ગઈ.

દોડતાં દોડતાં અને કૂદતાં કૂદતાં મિડાસ હવે થાકી ગયા છે. અત્યાર સુધી મિડાસને ખબર ન હતી, પરંતુ તેને હવે ખબર પડી કે મિડાસના કપડાં પણ સોનાનાં થઈ ગયાં છે !

બગીચામાંથી પાછા આવીને મિડાસ પોતાના મહેલમાં એક સોનાની ખુરશી પર બેસી ગયો. હવે તેને ખ્યાલ આવ્યો કે તેને ભૂખ પણ લાગી છે અને તૃષા પણ લાગી છે.

તુરત જ એક સેવક તેમના ખંડમાં પ્રવેશ કરે છે. સેવકે ભોજન અને પાણી લાવીને તેમના સોનાના ટેબલ પર મૂકી દીધા. સૌથી પહેલા તો મિડાસ પાણી પીવા ઇચ્છે છે. તેણે પાણીના પ્યાલાને હાથમાં લીધો. પ્યાલો સોનાનો બની ગયો. પહેલાં તો તે પ્રસન્ન થયો. તે સોનાના પ્યાલામાં પાણી પીએ છે! પાણી પીવા માટે પ્યાલાને હોઠ પાસે લીધો. પાણી હોઠ અને જીભને સ્પર્શ કરે છે અને તે જ ક્ષણે પાણીનું સોનામાં રૂપાંતર થઈ ગયું. હવે શું કરવું ? પાણી પી શકાય સોનું પી ન શકાય. પાણી પીવાથી તૃષા છીપે છે, સોનું પેટમાં નાખવાથી તૃષા છીપતી નથી! રાજા મૂંઝાય છે.

રાજા મિડાસ હવે ભોજન કરવાનો સંકલ્પ કરે છે. ભોજનની થાળીમાં મૂકેલા ખાદ્ય પદાર્થોને હાથથી લેવાનો પ્રયત્ન કરે છે. હાથનો સ્પર્શ થતાં જ બધાં જ ખાદ્યપદાર્થો સોનું બની ગયા. સોનાની રોટલી, સોનાના ભાત, સોનાની દાળ, સોનાનું શાક!

રાજા ભૂખ્યો છે અને તરસ્યો પણ છે જ! તેને કાંઈક ખાવું છે અને પાણી પણ પીવું છે. પરંતુ હવે ખાય શું? અને પીએ પણ શું? સોનું ખાઈ શકાય નહીં અને સોનું પી પણ શકાય નહીં. રાજા મિડાસ ક્ષુધા અને તૃષાથી તરફડવા લાગ્યો. પરંતુ શું કરે?

મિડાસ ચોધાર આંસુએ રડવા લાગ્યો. તે જ વખતે મિડાસની નાની પુત્રી મિડાસ પાસે આવી. પોતાના પિતાને રુદન કરતાં જોઈને તે પિતાની છાતીએ વળગી ગઈ અને પિતાના આંસુ લૂછવા લાગી. મિડાસે પોતાની પુત્રીને ખૂબ હેતથી છાતી લગાડી લીધી. પરંતુ હવે પુત્રી ક્યાં છે? મિડાસના સ્પર્શથી પુત્રી સોનાની પૂતળી બની ગઈ.

આ બધું જોઈને મિડાસ પોતાની છાતી પીટવા લાગ્યો અને ચીસો પાડીને રડવા લાગ્યો.

આ રીતે થોડો સમય પસાર થયો અને મિડાસે જોયું કે તે દેવદૂત મિડાસની સમક્ષ પ્રગટ થયા છે. દેવદૂતને જોઈને હૈયાફાટ રુદન કરતાં કરતાં મિડાસ બંને હાથ જોડીને તે દેવદૂતને પ્રાર્થના કરે છે :

''દેવદૂતજી! આપનાં વરદાનથી હું અતિ કષ્ટમાં આવી પડ્યો છું. આપ કૃપા કરીને આપનું વરદાન પાછું લઈ લો!''

દેવદૂત કહે છે : ''મિડાસ ! મેં તને કહ્યું હતું. આ વરદાન કષ્ટદાયક બનશે! હવે કહો એક પ્યાલો પાણી મૂલ્યવાન છે કે સોનું? અને બતાવો - સોનું મૂલ્યવાન છે કે બે રોટલી ?''

મિડાસ સમજી ગયો અને કહે છે : ''દેવદૂતજી ! હું હવે બરાબર સમજી ગયો છું કે જીવવા માટે અન્ન અને જળની જરૂર છે, સોનાની નહીં ! સોના વિના મનુષ્યનું કોઈ કામ અટકતું નથી અને અન્ન-જળ વિના માનવી જીવી શકતો નથી. હવે મને સોનાનો કોઈ લોભ રહ્યો નથી. આપ ખુશીથી આપનું વરદાન પાછું લઈ લો.''

દેવદૂત પોતાનું વરદાન પાછું ખેંચી લે છે અને એક વાટકો ભરીને પાણી મિડાસને આપે છે અને કહે છે : ''તમારા દ્વારા સોનાની બની ગયેલી સર્વ વસ્તુઓ પર આ પાણી છાંટી દો.''

મિડાસે તે પાણી પોતાની પુત્રી પર, ટેબલ પર, ખુરશી પર, ભોજન પર, પાણી પર અને બગીચામાં સર્વત્ર છાંટ્યું.

બધા જ પદાર્થો પહેલાં હતા તેવા જ બની ગયા.

ઘીના ઠામમાં ઘી પડી ગયું! ●●●

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ !

- સાધુ યજ્ઞાવલ્લભદાસ

વિક્રમ સંવત્ ૧૮૬૪ની સાલમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કચ્છમાં પધાર્યા હતા. કચ્છમાં સુંદરજી સુથાર નામના મહાન ભક્ત રહેતા હતા. એસ સમયે શ્રીજી મહારાજે એમની ભારે કસોટી કરેલી. એ કસોટીમાંથી સુંદરજી સુથાર સરધાર પાર ઉતરેલા. એ સમયે તેઓ કસોટીમાંથી તો પાર ઉતર્યા, પરંતુ હૃદયમાં ખૂણામાં સુક્ષ્મ અહંકારે જગ્યા લીધી. જેની નોંધ શ્રીજી મહારાજે લીધી હતી.

એ પ્રસંગ બન્યો એને ઘણો સમય વિત્યો હતો, પરંતુ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં મનમાંથી સુંદરજી સુથારનાં મનનો રોગ ખસ્યો ન હતો. સદ્‌ગુરુ વૈદ્ય છે. શિષ્ય નીરોગી ન થાય, ત્યાં સુધી એમને ચેન પડતું નથી. સુંદરજી સુથારના અંતરના અહંકારને દૂર કરવા માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે એક અનોખું ઔષધ વિચાર્યું.

ભગવાન શ્રીસ્વામિનારાયણે કચ્છ તરફ પ્રયાણ કરતા પહેલા ભાદરા ગામેથી પોતાના અઢાર ભક્તોને ઉદ્દેશીને એક પત્ર લખાવ્યો. પત્રમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે આજ્ઞા કરી હતી કે 'આ પત્ર ક્રમશઃ જેના જેના હાથમાં આવે એમણે ગામ-ગરાસ, ઘરબાર, પુત્ર-પરિવારનો તત્કાળ ત્યાગ કરવો; ભગવાં વસ્ત્રો ધારણ કરવાં અને બધાએ સાથે મળી જેતલપુર જાવું; ત્યાં ભાઈ રામદાસજીને મળી કાશીની જાત્રા કરવા નીકળી જવું.'

આ ઐતિહાસિક પત્રની નોંધ લેતા ભગવાન શ્રી સ્વામિનારાયણના તત્કાલીન સંત નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણિ ગ્રંથમાં લખે છે કે,

માંચા સુરા સોમલા અલૈયા, મૂળુ નાજા માતરા માંમૈયા ।
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી ॥૩૭॥
એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર ।૩૮।
(ભ.ચિં.પ્ર-૫૫)

નિષ્કુળાનંદ સ્વામીએ અહીં ૧૪ નામ લખ્યાં છે. બાકીનાં ચાર નામોની પૂર્તિ તદ્રુપાનંદ સ્વામીની વાતોમાંથી મળે છે. એ ચાર નામ છે - હાથિયા પટગર, અમરા પટગર, બંધિયાના ડોસાભાઈ, સરધારના વેરાભાઈ.

આ અનોખો પત્ર ફરતો થયો. જેને-જેને પત્ર મળતો ગયો, તેમણે ઈષ્ટદેવના એક જ વેણે તત્કાળ સંસાર તજી દીધો અને ભગવો વેશ ધારણ કર્યો!

આ પત્રના અનુસંધાને એક બીજી અદ્‌ભુત ઘટના ઘટી. પત્રમાં અજા પટેલનું નામ હતું. પત્ર સાથે નવા પરમહંસોની મંડળી અજા પટેલ પાસે પહોંચી. મેથાણ ગામના અજા પટેલને પત્ર મળ્યો ત્યારે તેઓ પોતાના ભાણેજ કલ્યાણદાસને પરણાવવા જઈ રહ્યા હતા.

જાનના ગાડાંઓ શણગારવામાં આવ્યાં હતાં. જાનડીઓ મધુર કંઠે મંગલ ગીતો ગાઈ રહી હતી. અજા પટેલ પરગણાના આગેવાન હતા, એટલે જાનમાં સાજન-માજન પણ સારી સંખ્યામાં જોડાયા હતાં. અજા પટેલ ઘોડેસવાર થઈ વરરાજાના ગાડાંની હારોહાર હાલી રહ્યા હતા. પરમહંસોની મંડળી અજા પટેલને મળી.

અજા પટેલ નવા પરમહંસોને ઓળખી ગયા. એમના મનમાં અત્યંત આશ્ચર્ય થયું. એમણે જિજ્ઞાસુ નજરે પરમહંસોની સામે જોયું. પરમહંસોએ મહારાજનો કાગળ અજા પટેલના હાથમાં મૂક્યો. કાગળ વાંચતા જ અજા પટેલ સમજી ગયા. એમણે એ જ ઘડીએ કોઈ જાતનો વિચાર કર્યા સિવાય સાધુ થવાનો નિર્ણય લઈ લીધો.

હાથમાં પત્ર સાથે અજા પટેલ ભાણેજની નજીક આવ્યા અને બોલ્યા, "ભાણા ! હવે મારાથી તારી જાનમાં નહીં અવાય ! મહારાજનો કાગળ આવ્યો છે, એમણે મારા અને તારા મારગ નોખા કરી દીધા છે. મહારાજની આજ્ઞા છે એટલે મારે આ જ ઘડીએ સાધુ થઈ આ પરમહંસોની મંડળી સાથે જવાનું છે."

ભાણેજ કલ્યાણદાસે કહ્યું, "મામા ! મને મહારાજનો કાગળ વાંચવા દો."

અજા પટેલે મહારાજનો કાગળ ભાણેજના હાથમાં મૂક્યો. પત્ર વાંચતા-વાંચતા ભાણેજ કલ્યાણદાસે અચાનક અદ્‌ભુત નિર્ણય લીધો અને બોલ્યા, "મામા ! આમાં મારું

પણ નામ છે ! મારે પણ તમારી સાથે ચાલવું છે.''

ભાણેજની વાત સાંભળતાં અજા પટેલના મનમાં અત્યંત આશ્ચર્ય થયું. એમણે કાગળ બરાબર વાંચ્યો હતો, એમાં ક્યાંય ભાણેજ કલ્યાણદાસનું નામ ન હતું.

એમણે કહ્યું, ''ભાણા ! મહારાજનો કાગળ મેં બરાબર વાંચ્યો છે, આમાં ક્યાંય તારું નામ નથી !''

ભાણેજે હસીને કહ્યું, ''મામા ! પત્રમાં આ બધાં નામ લખ્યા પછી મહારાજે 'વગેરે' શબ્દ વાપર્યો છે, તો વગેરેમાં હું ન આવી જાઉં !!! માટે મારે પણ તમારી સાથે જ પરમહંસ થાવું છે.''

ભાણેજની વાત સાંભળી આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા. 'જાનને ગાડે બેઠેલો, પીઠી ચોળેલો, મીંઢોળબંધો વરરાજો આ શું બોલી રહ્યો છે !' મામા પણ ભાણેજની વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. પરિસ્થિતિનો આ જબરદસ્ત વળાંક કેવાં વમળો સર્જશે ? એની એને ખબર હતી, પરંતુ જ્યારે પોતાનું દિલ વૈરાગ્યના રંગે રંગાઈ ચૂક્યું હોય એ ભાણેજને કેમ રોકી શકે !

જાનમાં ભેગાં થયેલાં સાજન-માજને વરરાજાને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો, પણ વરરાજો એકનો બે ન થયો. નાનપણથી જ એમની મા અને મામાએ કલ્યાણદાસને સત્સંગના પીયૂષ પાયા હતા તેનો આ પરિપાક હતો.

આમ તો કલ્યાણદાસના હૃદયમાં પરણીને સંસાર માંડવાની ઈચ્છા જ ન હતી, પરંતુ સગાં-સંબંધીઓના આગ્રહથી પરાણે ઘોડે ચડવું પડ્યું હતું. મહારાજના પત્રે એના હૈયામાં રહેલા વૈરાગ્યના અગ્નિને સતેજ બનાવી દીધો હતો. હવે એ કોઈથી રોક્યા રોકાય એમ નહોતા.

એક પળનો પણ વિલંબ કર્યા સિવાય આ મીંઢોળબંધો વરરાજો નાશવંત શરીરને વરવા કરતાં અવિનાશી વરને વરવા ચાલી નીકળ્યો ! એણે મનમાં નિરધાર કર્યો કે, 'હવે વરવું તો પુરુષોત્તમ નારાયણને જ વરવું. આ મીંઢોળ હવે મહારાજ છોડશે ત્યારે જ છૂટશે !'

મહારાજની આજ્ઞા મુજબ આ બધા નવા પરમહંસોની મંડળી જેતલપુર ભાઈરામદાસજી પાસે પહોંચી. ભગવાન શ્રીસ્વામિનારાયણ આ સમયે કચ્છમાં બિરાજતા હતા. એમણે આગલી રાત્રે ભાઈરામદાસજીને દિવ્ય દર્શન દઈને કહ્યું હતું કે, ''નવા પરમહંસોની મંડળી આવી રહી છે. એમને કાશીએ મોકલવાને બદલે અમારી પાસે કચ્છ મોકલજો.''

ભાઈરામદાસજીએ બધા જ નવા પરમહંસોને સમજાવ્યા કે, ''પરમહંસો ! અડસઠ તીરથ પ્રગટ શ્રીહરિનાં ચરણમાં છે, માટે તમે બધા કાશીએ જવાને બદલે કચ્છ જાવ અને મહારાજને મળો.''

ભાઈરામદાસજીની આજ્ઞાથી નવા પરમહંસો કચ્છ તરફ જવા રવાના થયા. ભૂજમાં સુંદરજી સુથારને ઘરે બિરાજતા ભગવાન શ્રીસ્વામિનારાયણને 'નવા પરમહંસોની મંડળી આવી રહી છે' એવા વાવડ મળ્યા એટલે સંતોના સ્વાગતની તૈયારી કરાવવા લાગ્યા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ સુંદરજી સુથાર, હીરજી સુથાર, ગંગારામભાઈ વગેરે સંતો-ભક્તોના સમુદાય સાથે પરમહંસોના સ્વાગત-સત્કાર માટે નગરની બહાર પધાર્યા. સામેથી આવી રહેલા પરમહંસોને જોઈ ભગવાન શ્રીસ્વામિનારાયણ એકદમ ઉતાવળા સામે ચાલ્યા.



પરમહંસો મહારાજને દંડવત્ કરવા લાગ્યા. મહારાજે સ્વયં પરમહંસોને સામે દંડવત્ કર્યાં. પરમહંસોએ દોડીને મહારાજને ઊભા કર્યા.

મહારાજ એક પછી એક પરમહંસને ભાવથી ભેટવા લાગ્યા. ભેટતા ભેટતા મહારાજ એક એક પરમહંસનો પરિચય સુંદરજી સુથારને આપવા લાગ્યા.

એવામાં કલ્યાણદાસનો વારો

આવ્યો. મહારાજે આ મીંઢોળબંધા અજાણ્યા નવયુવાનને જોઈને પરમહંસોને પૂછ્યું, "આ કોણ છે ? આમનું નામ તો અમે પત્રમાં લખ્યું નહોતું."

ત્યારે કલ્યાણદાસે કહ્યું, "મહારાજ ! તમોએ કાગળમાં નામો લખીને પછી એમ લખ્યું હતું કે, 'વગેરે જે કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન સર્વ ઘરબાર છોડીને નીકળી જજો. એમાં જ અમારું ગમતું છે.' માટે તમારું ગમતું મૂકીને સંસારમાં શું સુખ લેવા રહીએ ?"

કલ્યાણદાસની વાત સાંભળી મહારાજ ખૂબ પ્રસન્ન થયા. પછી માંચા ખાચરે માંડીને કલ્યાણદાસની વાત કરી. મીંઢોળબંધો વરરાજો માંડવેથી પાછો વળ્યો, આ વાત સાંભળતા જ ભગવાન શ્રીસ્વામિનારાયણના અંતરમાંથી અહોભાવના ઉદ્‌ગારો ઊઠ્યા, "અદ્‌ભુત ! અદ્‌ભુત ! માયારૂપી નાગણી લગ્નને માંડવે ભલભલાને ભરખી જાય છે ! જ્યારે આ યુવાન તો માયાના માથા ઉપર પગ મૂકી, માયાને જીતીને આવ્યો છે, આ યુવાને તો ભારે અદ્‌ભુત કામ કર્યું છે !"

પછી સ્વયં મહારાજે કલ્યાણદાસને હાથે જે વિવાહ પ્રસંગનું મીંઢળ બાંધ્યું હતું તે પોતે છોડ્યું અને ભગવાં કપડાં પહેરાવી સાધુદીક્ષા આપી અને નામ પાડ્યું 'અદ્‌ભુતાનંદ'.

★★★★★

મહારાજની આજ્ઞાથી મોટા મોટા ગિરાસદાર, જમીનદાર, સુખી-સંપન્ન વ્યક્તિઓને આ રીતે ભગવી કંથા ધારણ કરેલી જોઈ સુંદરજી સુથારના અંતરમાં ઊંડે ઊંડે રહેલો અહંકાર ઓગળવા લાગ્યો અને એમાં પણ જ્યારે લગ્નના માંડવેથી પાછા વળેલા યુવાન મીંઢોળબંધા કલ્યાણદાસની વાત સાંભળી, ત્યારે તો સુંદરજી સુથાર આભા જ બની ગયા !

કુશળ વૈદ્ય કડવી દવા પાઈને નીરોગી કરે, એમ મહારાજે સુંદરજી સુથારને બધા જ પરમહંસોનો પરિચય કરાવી માર્મિક ટકોર કરી, "કેમ સુંદરજી ! તમે કહ્યું હતું ને કે આવી કસોટી બીજાની ન કરશો ! આવી કસોટીમાં હું પાર પડ્યો, પણ બીજા પાર નહિ પડી શકે !"

મહારાજનું મર્મ ભરેલું વેણ સાંભળતાં જ સુંદરજી સુથાર ઝંખવાઈ ગયા.

મહારાજે આગળ કહ્યું, "સુંદરજી ! અહંકાર તો ભલભલાને ભૂલાવે એવો છે. કામ, ક્રોધ, લોભ, દંભ, છળ, કપટ, ઈર્ષા વગેરે સર્વ દોષોનું મૂળ છે. માટે અમારા ભક્તોએ કોઈ પણ પ્રકારનો અહંકાર ન રખાય !"

મહારાજની વાત સાંભળી સુંદરજી સુથારનો રહ્યો-સહ્યો અહંકાર પણ મૂળમાંથી નાબૂદ થયો અને એમણે મહારાજનાં ચરણ પકડી લીધાં અને કહ્યું, "મહારાજ ! હું ભૂલ્યો, મને માફ કરો."

મહારાજે સુંદરજી સુથારને બેઠા કર્યા, બાથમાં લઈને મળ્યા અને બોલ્યા, "સુંદરજી ! તમે અમને ખૂબ જ વ્હાલા છો; અમારા સંતોની રક્ષા કરો છો. અમે જેને અમારા માનીએ એના અંતરમાં અમે કોઈ કચાશ રહેવા દેતા નથી. તમારી કચાશને ટાળવા માટે અમે જ પત્ર લખીને આ અઢાર પરમહંસોને તેડાવ્યા છે."

ભગવાન શ્રીસ્વામિનારાયણે આ નવા પરમહંસોને સાથે લઈને કચ્છમાં ઘણા દિવસ સુધી વિચરણ કર્યું. પછી તેઓ પરમહંસો પ્રત્યે બોલ્યા, "આ અદ્‌ભુતાનંદ સિવાયના બીજા બધા તમે તમારા ઘરે પાછા જાઓ. તમારી પરીક્ષા પૂર્ણ થઈ છે."

પરમહંસોએ મહારાજને વિનંતી કરી, "મહારાજ ! સંસારથી માંડ છૂટ્યા છીએ, હવે ફરીથી અમને એ હેડ-બેડીમાં પાછા બંધાવાનું ન કહો."

મહારાજે કહ્યું, "ભક્તો ! અમારે તમને હેડબેડીમાં બાંધવા નથી. તમારા દ્વારા અનેક જીવોના કલ્યાણ કરી, એમને માયાની બેડીઓના બંધનથી મુક્ત કરવા છે."

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વેને સમજાવીને પાછા સંસારમાં મોકલ્યા. અદ્‌ભુતાનંદ સ્વામીને સદાયને માટે પોતાની સેવામાં રાખ્યા.

ખરેખર અદ્‌ભુતાનંદ સ્વામી તો અદ્‌ભુત હતા જ, પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ એથી પણ અદ્‌ભુત હતા અને એમનાં વચને સંસાર કે સાધુઆશ્રમમાં રહેલા ગૃહસ્થ બાઈઓ, ભાઈઓ કે પરમહંસો પણ અદ્‌ભુત હતાં.

કહેવાય છે કે કચ્છથી પાછા ફરતી વખતે મહારાજે અદ્‌ભુતાનંદ સ્વામીને થનારાં પત્ની પાસે ભિક્ષા માંગવા મોકલ્યાં હતાં. એ સમયે મુમુક્ષુ પેલી કન્યા પણ અદ્‌ભુતાનંદ સ્વામીનો ત્યાગ-વૈરાગ્ય જોઈ પ્રભાવિત થયેલી. એમણે થનારા પોતાના પતિના પંથે ચાલતા સંકલ્પ કર્યો હતો કે, 'હું પણ જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળી ભગવાનનું ભજન કરીશ !'

ધન્ય છે સતી નારીને અને ધન્ય છે અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામીને.

અધ્યાત્મ-જગતના ઈતિહાસમાં આવી ઘટનાઓ વિરલ હોય છે.

ગમતું મળે એને માણવું અને અન્યને વહેંચવું એ સજ્જન પુરુષોનો સ્વભાવ છે. સજ્જન પુરુષો ગમતાનો ગુલાલ કરીને આનંદ અનુભવે છે.

માયાથી આવરિત આ જગતના જીવો વિષયભોગમાં પોતાનું જીવતર ગુમાવી દે છે, ત્યારે સંતપુરુષો પોતાને પ્રાપ્ત થયેલા પારલૌકિક આનંદના ભોક્તા અન્ય જીવોને બનાવે છે. કેમ કરીને ઝાઝા જીવ માયાના મોહમાંથી બચે અને પરમપુરુષના સ્વરૂપને પામે? એ પ્રશ્નના સમાધાનમાં જ સંતો પુરુષાર્થ કરતા જોવા મળે છે.

સંત પુરુષોનાં મન-વચન-કર્મમાંથી પ્રેરણા લઈને એક જીવ પણ ભગવાનનાં શરણે થાય ત્યારે સંત માટે એ ઘડી ખૂબ આનંદની હોય છે. માટે જ સંતો પોતે અનુભવેલ પરબ્રહ્મને અનેક જીવો પણ ઓળખે અને શાશ્વત સુખને મેળવે એવી તમન્ના સેવી પુરુષાર્થ કરતા રહે છે.

અદ્‌ભુતાનંદ સ્વામીનું હૃદય શ્રીહરિના મહિમાથી અભરે ભરેલું હતું. તેઓ સદાય શ્રીહરિના મહિમાના કેફમાં મસ્ત રહી મોજ માણતા. હૃદયાકાશમાં રહેલી શ્રીહરિની મૂર્તિ ક્યારેય ઝાંખી ન પડે એનું તેઓ સતત અનુસંધાન રાખતા અને ઝાઝા જીવને એ મૂર્તિના સુખે સુખિયા કરવાનું તાન સેવતા.

અદ્‌ભુતાનંદ સ્વામી સાધુ થયા પછી વડતાલ રહેતા.

સાધુ થયાને ઘણો સમય પસાર થઈ ગયો હતો. કલ્યાણદાસ ઘરે પરત ન ફર્યા એટલે પરિવારના કહેવાથી જ સ્વામીના ભાઈ વજુભાઈ કડુથી ગાડું જોડી સ્વામીને ઘરે તેડી જવાના ઉદ્દેશથી વડતાલ આવ્યા.

વજુભાઈ અદ્‌ભુતાનંદ સ્વામીને મળ્યા. પરિવારની ચિંતાની વાત કરી અને પોતે ઘરે તેડી જવા જ આવ્યા છે એમ કહ્યું. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ વજુભાઈને, "બે-પાંચ દિવસ રોકાઓ, પછી આપણે વિચારીશું." એવું કહી રોકી દીધા.

વજુભાઈને રોકવા પાછળ અદ્‌ભુતાનંદ સ્વામીનો વિચાર અદ્‌ભુત હતો. એ વિચારને કાર્યાન્વિત કરવા સ્વામીએ પુરુષાર્થ માંડ્યો. સ્વામી વજુભાઈને પોતાની પાસે બેસાડે અને ભગવાન શ્રીસ્વામિનારાયણનાં ચરિત્રોની કથા કરે, મહિમાભરી વાતો કહે, જ્ઞાન-વૈરાગ્યનો રસ પાય અને સંસારની હકીકત સમજાવે. રાત-દિવસ આવું ચાલ્યું. સ્વામીએ ઘૂંટીઘૂંટીને એવો રસ પાયો કે વજુભાઈ રસતરબોળ થઈ ગયા, અંગેઅંગ રંગાઈ ગયું અને સંસાર અસાર થઈ ગયો!

વજુભાઈએ સાધુ થઈ જવાનો નિર્ણય લીધો. બળદ-ગાડું લઈને આવ્યા હતાં તેને વેચી નાંખ્યું. જે પૈસા મળ્યા એના થાળ થયા અને સંતોને રસોઈ આપી. પોતે પણ ભાઈની સાથે સાધુ થયા. આવ્યા હતા ભાઈને લેવા અને ભાઈની પાસે રોકાઈ ગયા.

શ્રીજી મહારાજે વજુભાઈને દીક્ષા આપી અને નામ પાડ્યું 'નિષ્કામાનંદ સ્વામી.'

ઘણા દિવસો પસાર થઈ ગયા. કડુમાં કલ્યાણદાસ અને વજુભાઈની વાટ જોવાઈ રહી છે. નથી બન્ને ભાઈઓ આવતા કે નથી એમના કોઈ સમાચાર મળતા. બળદગાડું લઈને ગયા છે એટલે મંદિરની સેવામાં રોકાઈ ગયા હશે એવું મન મનાવી થોડા દિવસ વધુ વાટ જોઈ, પરંતુ કોઈ ખબર ન મળતા બધા ભારે મૂંઝાઈ રહ્યા છે. આખરે ત્રીજા ભાઈ વિઠ્ઠલભાઈએ બધાંની મૂંઝવણ પારખી કહ્યું, "હું વડતાલ દર્શન કરી આવું અને વજુભાઈ કેમ રોકાઈ ગયા છે તે જાણીને તેમને તેડતો આવું."

વિઠ્ઠલભાઈ વડતાલ આવ્યા. દેવદર્શન કરી તેઓ અદ્‌ભુતાનંદ સ્વામીનાં દર્શન કરવા ગયા. બધી વિગત જાણી એટલે તેઓ થોડા નારાજ થયા. અદ્‌ભુતાનંદ સ્વામીએ શાંત કર્યા અને થોડા દિવસ રોકાવાનું કહ્યું.

મંદિરમાં નિત્ય નવી નવી સેવાઓ ચાલતી જ હોય. સંતો-ભક્તો દ્વારા થતી સેવાઓ જોઈ વિઠ્ઠલભાઈનાં મુમુક્ષુ મનને થયું કે, સેવા કરવાનો આવો અલભ્ય લાભ મેં ક્યારેય લીધો નથી, માટે થોડા દિવસ રોકાઈને સેવા કરી લઉં. આમ વિચારી તેઓ સેવામાં જોડાઈ ગયા.

અદ્‌ભુતાનંદ સ્વામી વિઠ્ઠલભાઈને જોઈને મનોમન રાજી થતા હતા. સ્વામીના મનનાં વિચારો તો જુદા જ હતા. તેઓ વિઠ્ઠલભાઈને પણ રોકી રાખવા માગતા હતા. તેથી ધીરે ધીરે તેઓએ વાતો કરવાનું ચાલું કર્યું. ઉપરાંત મંદિરમાં સંતો ચાર વાગ્યે વહેલા ઊઠી ધ્યાન-ભજન કરે, પ્રભાતિયાં કીર્તનો અને પ્રકરણો બોલે, પૂજા-પાઠ, સ્તુતિ-પ્રાર્થના, કથાવાર્તા થાય. વાતાવરણમાં કોઈ ગજબની શાંતિ પ્રસરી જાય. આ દિવ્ય વાતાવરણનો અનુભવ કરી વિઠ્ઠલભાઈનું હૃદય શાંતિમાં ગરકાવ થઈ જતું. ઉપરથી અદ્‌ભુતાનંદ સ્વામીનાં મુખેથી વહેતી વૈરાગ્યભરી વાતોનો મારો ચાલે.

મનોમંથનનું પરિણામ એ આવ્યું કે, વિવેકી વિઠ્ઠલભાઈનાં હૃદયમાંથી સંસાર અસાર થઈ ગયો અને શ્રીહરિ બિરાજમાન થઈ ગયા. વિઠ્ઠલભાઈનાં ચિત્તમાંથી સંસાર ઊતરી ગયો અને એમણે ભગવો ધારણ કરી લીધો. શ્રીજી મહારાજે વિઠ્ઠલભાઈને દીક્ષા આપી અને નામ પાડ્યું 'ચૈતન્યાનંદ સ્વામી.'

ચૈતન્યાનંદ નામના બે સંતો હતા : એક મોટા અને એક નાના. વિઠ્ઠલભાઈ નાના ચૈતન્યાનંદ સ્વામી તરીકે ઓળખાતા.

આમ, અદ્‌ભુતાનંદ સ્વામી ગમતાનો ગુલાલ કર્યે જતા હતા અને એક પછી એક ભાઈ સાધુ થયે જતા હતા.

એક જ પરિવારના ત્રણ ભાઈઓ સાધુ થયા હોય એવી આ ઐતિહાસિક ઘટના હતી. ઇતિહાસમાં આવી કોઈ અન્ય ઘટના ઘટી હોય એવું જાણ્યામાં આવતું નથી.

આ દિવ્ય ઘટનાઓ પાછળ ખૂબ મોટાં પરિબળો કામ કરી રહ્યાં હતાં. એક તો મામા અજા પટેલનો ગળથૂથીનો સત્સંગ હતો, માતા દેવુબાઈનો સંસ્કારસભર ઉછેર હતો અને એ દરેકનો જીવ મુમુક્ષુ હતો. સોનામાં સુગંધ ભળે એમ પરિવાર તરફથી મળેલા સંસ્કારોને સંતોના સહવાસથી સતત પોષણ મળતું રહ્યું હતું. આટલાં બધાં શુભ પરિબળો ભેગાં થાય ત્યારે જ એક જ પરિવારમાં આવી દિવ્ય અને અલૌકિક ઘટનાઓ ઘટી શકે.

ત્રણ ભાઈઓ ઘરેથી ગયા છે, પણ પાછા આવ્યા નથી. પરિવારમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. તપાસ કરી ત્યારે સૌને ભારે આઘાત લાગ્યો. ઘરેથી નીકળેલા ત્રણે ભાઈઓ સાધુ થઈ ગયા હતા!

આ સમાચાર સાંભળી ચોથા ભાઈ કુબેરદાસ ઘણા ઉદાસ રહેવા લાગ્યા. તેઓ પણ મુમુક્ષુ હતા. એમનાં હૃદયમાં પણ પ્રભુપ્રાપ્તિની ઝંખના હતી. ઉપરાંત બાળપણથી જ સાથે મોટા થયેલા ચારે ભાઈઓને પરસ્પર ખૂબ હેત હતું. સાથે રહીને તેઓએ બાલ્યાવસ્થાનો ભરપૂર આનંદ માણેલો. એ સંગાથ છૂટી ગયો એટલે કુબેરદાસને હવે ઘર સાવ સૂનુંસૂનું લાગવા માંડ્યું. મન બેચેન રહેવા લાગ્યું, ભોજનમાંથી રુચિ ઊડી ગઈ, નિદ્રાદેવીએ વિદાય લીધી. આ સર્વ ઉપાધિની સામે કુબેરદાસ ઝાઝી ટક્કર લઈ શક્યા નહીં અને એક દિવસ વહેલી સવારે સાધુ થવાના સંકલ્પ સાથે ગઢડા તરફ ચાલતા થઈ ગયા.

આ વાત વાયુવેગે ચારેતરફ ફેલાઈ ગઈ. પરિવારની ત્રણ બહેનો જે જુદે જુદે ગામડે સાસરે હતી તે કડુ ભેગી થઈ અને સર્વે મહારાજ પાસે ગઢપુર આવ્યાં. સર્વએ દીનભાવે મહારાજને વિનંતી કરી, "હે મહારાજ! અમારા ત્રણ ભાઈઓ સાધુ થઈ ગયા છે. કુબેરદાસ એક જ વધ્યા છે અને એ પણ અહીં આપની પાસે સાધુ થવા આવ્યા છે. કુબેરદાસ સાધુ થઈ જાય એટલે અમારે કોઈ પ્રકારનો આધાર-આશરો રહે નહીં. ઉપરાંત જેનો વંશ નહીં તેનું જગતમાં સારું ન કહેવાય. માટે આપ કૃપા કરી કુબેરદાસને ઘરે મોકલો અને એમના વંશમાં સત્સંગ કાયમ રહે એવા આશીર્વાદ આપો."

બહેનોની પ્રાર્થનાથી સાંભળી શ્રીજી મહારાજે કુબેરદાસને ઘરે જવાની આજ્ઞા કરતા કહ્યું, "કુબેરદાસ! અમો તમારા ઉપર ખૂબ રાજી છીએ. તમો ઘરે રહીને અમારું ભજન કરો. તમારા વંશમાં સત્સંગ અને સુખશાંતિ કાયમ રહેશે."

મહારાજના આશીર્વાદનો સ્વીકાર કરી કુબેરદાસ બહેનો સાથે ઘરે આવ્યા અને સંસારધર્મનો સ્વીકાર કર્યો.

કુબેરદાસના પુત્ર કલાભાઈ થયા અને તેમના પુત્ર જીવરાજભાઈ થયા. વિ. સં., ૧૯૬૨ની સાલમાં જીવરાજભાઈ પોતાનું વતન કડુ છોડીને વિરમગામ પાસે નવા વસેલા ધરમપુર ગામે રહેવા આવેલા. એમના પુત્ર લાલજીભાઈ સત્સંગમાં ખૂબ પ્રસિદ્ધ ભક્ત હતા. તેઓના બે પુત્રો પરષોત્તમભાઈ અને ધનજીભાઈ હાલમાં ધરમપુરમાં રહે છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે.

●●●

ભક્તિનો અમૃત પ્રવાહ

સંસાર તો લક્કડકા લાડુ છે. ખાય એ પસ્તાય અને ન ખાય એય પસ્તાય. આ જગતનો ઘાટ ઘડી ભગવાને એવું ચકર ચલાવ્યું છે કે ગાડાના પૈડાંની જેમ ફેરફૂદરડી ફરતું જ રહે. ભલભલા જોગી-જતી, સતીયો પણ પળમાં બેધ્યાન થઈ કામ-ક્રોધ-લોભ-મોહ-મદમાં ઝલાઈને જાળમાં જેમ માછલીયું તરફડે એમ સૌ તરફડે. તપ-જપથી ભર્યું જીવન ધૂળ-ધાણી કરી નાખે. તેમજ ધન-વૈભવ, સાહ્યબીમાં પણ સુખની છાયા ન રહે. પણ જેને મન વશ થાય ઈ ભક્તોના મોહ છૂટે. માયાના ખેલમાં ન ઝડપાય, તે ભગવાનમાં જોડાઈ રહે. તે આવાગમનનું ચક્ર તોડી ભગવાનના ધામમાં પહોંચે. એવા બળિયા જીવને કોઈ આડું આવરણ ન આવે. માયાના ખેલનું જોર તેની સામે જરાય ન ચાલે.

એટલે તો લોક સાહિત્યમાં વાત કહી છે,

"સાજણ એડા કીજીએ જેડી લટિયાળ કેળ,
દૂધમાં સાકર ભેળીએ તે કેવોક લીએ મેળ,
કેવોક લીએ મેળ તે સળી ભરીને ચાખીએ,
વા'લુ સાજણ હોય તેને પાડોશે રાખીએ."

વાત તો લાંબી વેલ્ય જેમ વધતી જાય. સંસારમાંય છોકરાના છોકરા થાય ને વેલ્યની જેમ સંસાર વધે. જેમ વેલ વધે ને પાંદડા ખરે, નવા આવે, તેવું સંસારમાંય થાય. તેમાં કાચાં-ખાટાં-તૂરાં-કડવાં ફળ ખરી પડે ત્યારે જીવ દુભાય. પાકાં ફળ સડીને, ગંધાઈને વેરાય. સુખની છાંયડીની આશા ઠગારી થાય ત્યારે જીવડો ખદખદીને તરફડે અને પસ્તાવાનો પાર ન રહે.

વાત એવી છે કે, સોરઠને આથમણી કોર્ય ઉબેણના એક કાંઠે થાણિયાણી ગામ છે. ગામ તો રૂડું રૂપાળું પાકલ કેરીની જેમ ફોરતું લહેરાય છે. કોયલ વૈશાખી આંબેરણમાં ટહુકા કરે એમ ગામલોક લહેરતા રહ્યા છે. તેમાંય બાગના ફૂલડાં જેવાં રૂપાળા તેના ઓરડા આફરડા દેખતા વ્હાલા લાગે. પાદરે અમૃત જેવાં નીરે ઉબેણ ખળખળ વહેતી-ઘૂઘવતી છે. ઝાડવાની ઘટાએ મોરના ટહુકા-પંખીના ઘૂઘવતા ગાન ગામમાંયે પવન લહેરે આનંદની છોળુ ઉડાડતો રહે છે.

આ ગામમાં ઝાઝી વસ્તી ખેડૂની. તેમાં સઈ-સુથાર-લુહાર-કુંભારના વીણ્યાગણ્યા જેવા એક-એક ઘર. ભેળું ગામમાં જટાશંકર ગોરનું ઘર બધા લોકને માટે પૂજ્ય લેખાતું. ગોરના બોલ એટલે બ્રહ્માના બોલ. ગોરના બોલ કોઈ ઉથાપે નહિ. સારામાઠા પ્રસંગે ગોર સૌના કામકાજ કરે એટલે ગોરને હરખેથી સીધુસામગ્રી પૂરતા આપે ને ગોરની ઝોળી ભરાઈ જાય, એટલે અંતરે ઉભરો ચડે ને રૂડા આશીર્વાદ આપે, એમ બાર મહિનાનો પેટગુજારો સરળતાથી નીકળી જાય.

તેમ જ શ્રાવણ માસે કે વાર-તહેવારે ગોરાણી ગોર્ય પૂજે, વરત વખતે, નોરતા વખતે, નવદુર્ગાને પાટે બેસાડે ત્યારે ગામની બાયું નાની-મોટી ને ડોશીયું ઘરમની વાર્તાઓ સાંભળવા આવે, તે વખતે દક્ષિણા-ભેટ-સીધા ભરાય. તેમાં હાથખરચી પૂરી થતી. ગોરાણીને બીજું કાંઈ આલમનું કામ નહિ. બેય માણસની ટાણાસર રસોઈ કરી અને ગોરાણી ફૂલફટકિયા થઈને હરેફરે.

આ જટાશંકર ગોર સ્વામિનારાયણના સારા સત્સંગી. સવાર-સાંજ કથાવાર્તા કરીને શ્રીજી મહારાજની લોકોને ઓળખ કરાવે. આ વાતની શ્રીજી મહારાજને ગઢપુરમાં ખબર પડી, એટલે સોરઠમાં ફરતાં-ફરતાં થાણિયાણી જટાશંકરને દર્શન દેવા પધાર્યા.

જટાશંકરને ખબર પડતા ચોરે આવ્યા. મહારાજને દંડવત્ કર્યા. મહારાજે કુશળ સમાચાર પૂછ્યા અને કહ્યું, "ગોર ! આજે તમારે ઘેર અમારો થાળ કરાવો, અમે જમશું."

"ભલે મહારાજ !" ગોરના હૈયે આનંદનો ઉભરો આવ્યો. એ જ વેળા ઉતાવળા પગલાં ભરતા ઘેર આવ્યા અને ગોરાણીને કહ્યું, "આજે તો આપણાં ભાગ્ય ખૂલ્યા છે. મહારાજ આપણે ત્યાં જમવા પધારશે, તેને માટે રસોઈ કરો." "ના... ના...! હું સ્વામિનારાયણ માટે રસોઈ નહીં

કરું.'' ગોરાણીએ મોં બગાડી ગોરને કહી દીધું.

''અરે ! એવું ગાંડપણ શું માંડ્યું છે ? તમે તો ભગવાનની કથા-વાર્તાયું કરો છો, ધર્મ-ધ્યાન પણ સારું કરો છો, તે છતાંય મનમાં દ્વેષ-આડોડાઈ રાખો ઈ સારું ન કહેવાય. અવળાઈ મેલો ! જુવો તો ખરા ! સારા-સારા રજવાડાના રાજાઓ, માથાભારે લોક જેવાય તેના આશરે રહી તેની સેવામાં છે. આવો મોકો આપણને સામેથી મળ્યો છે તો એ લાભ લઈ લઈએ.''

''મલક આખો કહે છે, સ્વામિનારાયણ તો જાદુગર છે. તેની આંખોમાં જેની આંખો મળે કે તરત જ તે એના દિલમાં ઊતરી જાય છે, એને એ સિવાય કાંઈ સૂઝતું નથી. એટલે તો એવા બધાય તેને વશ થઈ રહ્યા છે. તમેય જુવોને, બીજા કોઈ દેવને તેના સિવાય ભજતા જ નથી.''

જટાશંકરે પ્રસંગને અનુરૂપ થઈ મોં મલકાવી ગોરાણીને સ્નેહભાવે વાત કરી. માંડમાંડ સમજાવીને રસોઈ કરવા મનાવ્યા, પણ ગોરાણીએ શરત મેલી, ''જો જો, હું રસોઈ કરીને તે આવશે ત્યારે તેને જોવાય પણ ઊભી નહિ રહું!''

જટાશંકરે એ વાત મંજૂર રાખી કહ્યું, ''ભલે ! તમે બહાર જતા રહેજો.'' ગોરાણીએ રસોઈ માંડી. જટાશંકર સંતોષ સાથે મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે મંદ-મંદ મુખ મલકાવી કહ્યું, ''રસોઈ ક્યારે થશે ? અમને ખૂબ ભૂખ લાગી છે.''

''થોડી જ વારમાં મહારાજ!'' ગોરે કહ્યું.

થોડીવાર પછી ફરી મહારાજે પૂછ્યું, ''ગોર ! રસોઈ ક્યારે થશે ?'' એ સાંભળી ગોર ઘેર ગયા. થોડીવારે પાછા આવ્યા ને બોલ્યા, ''લ્યો ! ચાલો મહારાજ ! થાળ જમવા!''

મહારાજ અને ગોર ઘેર આવ્યા ત્યારે ગોરાણી હજુ ઘરમાં જ હતા. મહારાજને પધારતા જ રસોડા બહાર નીકળાયું નહીં. મહારાજ આવી નાહ્યા ને બાજોઠે બેઠા. ગોરે થાળ પીરસ્યો. મહારાજ જમવા લાગ્યા. તે વખતે બાઈનું મન માકડાની જેમ ઠેકડે ચડ્યું. 'સૌ કહે છે સ્વામિનારાયણ રૂડા રૂપાળા છે. તેને દેખતા જ એ મનમાં વસી જાય છે. એ સાચું હશે કે ?' એમ વિચારમાં ગળગોટિયા ખાતા ગોરાણીનું મન સ્થિર ન રહ્યું, તે તેણે મહારાજને જોવા સહેજે રસોડાના જાળિયેથી ડોકાઈ નજર માંડી. તે વખતે મહારાજે મોંમાં કોળિયો લઈને જાળિયા તરફ નજર કરી ને બેયની નજર એક થઈ ગઈ. જોગાનુજોગ બાઈના મનમાં ઘૂમરાતી મહારાજની મૂર્તિનું સ્વરૂપ બંધાઈ ગયું.

મહારાજ તો થાળ જમી ચાલ્યા ગયા. તે પછી ગોરાણી ઘરકામમાં ધૂબાકા મારવા લાગી, પણ મનમાં બંધાઈ ગયેલ મૂર્તિની સ્મૃતિ અખંડ રહી ગઈ. મહારાજને વળાવી ગોર ઘેર આવ્યા ત્યારે ગોરાણીએ તાડુકતા કહ્યું, ''લ્યો ! આ લોક બોલે છે તે સાચું જ બોલે છે, તમે માનતા નથી પણ મને જે શંકા હતી તે સાચી ઠરી છે. મેં સહેજ અમથી જાળિયેથી નજર માંડી તે સહેજે એ મારા હૈયામાં ખૂપી ગયા. અરે ! પળેય એની મૂર્તિ આઘી ખસતી નથી. જે જે કામે વળગું, ત્યાં ત્યાં તે સાથે જ ભમે છે. એ તમારા સ્વામિનારાયણ તો મારો કેડો મૂકતા નથી.''

એ સાંભળી જટાશંકરે રાજી થતા કહ્યું, ''વાહ ! તારા મોટા ભાગ્ય તો જો... મોટા મોટા મુનિવરો-જોગી જેનું ધ્યાન કરતા, જેને રીઝવવા અવતાર આખો ઓળઘોળ કરે છે, એનો જોગ સહેજે તમને મળ્યો તો તમારા અહોભાગ્ય માનવા જોઈએ.''

મુક્તાનંદ સ્વામી કહે છે, ''અણતેડ્યા ઘેર આવે, મારે મન વસીયો રે. અને જેરામ બ્રહ્મચારી કહે છે,

આજ સખી આનંદની હેલી,
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી...
મહા રે મુનિના ધ્યાનમાં નાવે,
તે શામળિયો મુજને બોલાવે.

''વાહ...! વાહ...! ગોરાણી તમે તો આ અવતારમાં ખાટી ગયા હોં...!'' કહીને હરખઘેલા જટાશંકર ગોરના હૈયામાં આનંદના પૂર ઉમટ્યા. ●●●

સમાચાર દર્શન

પૂજ્ય સ્વામીજી અને ઇંગ્લેન્ડના વડાપ્રધાનની મુલાકાત

ઈંગ્લેન્ડના પ્રાઈમ મિનિસ્ટર ઋષિ સૌનક શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટનના દર્શને ખાસ પધાર્યા હતા. હેરો વિસ્તારના લોકપ્રિય એમ.પી. આદરણીય બોબ બ્લેકમેન તથા હેરોના કાઉન્સેલર કાન્તિભાઈ ધનજી રાબડીયા, કાઉન્સેલર નિતેશ હિરાણી વગેરે અનેક ગણમાન્ય કાઉન્સેલરો તથા અધિકારીઓ પણ એમની સાથે હતા.

મંદિરના અગ્રણી તેમજ ભૂતપુર્વ પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજીભાઈ, વર્તમાન પ્રમુખશ્રી સુરેશભાઈ રાબડિયા, ઉપપ્રમુખ શ્રી કાનજીભાઈ કેરાઈ, સેક્રેટરી શ્રી રીકીન કેરાઈ તથા કમિટી મેમ્બરોએ એમનું હાર્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ભાવિક ભક્તજનોના વિશાળ સમુદાયે તાલીઓના ગડગડાટથી વડાપ્રધાન શ્રી ઋષિ શૌનકને વધાવ્યા હતા.

એસજીવીપીના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી તથા વરતાલના કોઠારી શ્રી ડો. સંતવલ્લભદાસજીએ ભગવાનની પ્રસાદીના હાર પહેરાવી ઋષિ સૌનકને આશીર્વાદ આપ્યા હતા. બંને સંતો, મંદિરની કમિટીના સભ્યો સાથે ઋષિ સૌનકે મંદિરના સુવર્ણ સિંહાસનમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી હતી.

વડતાલના કોઠારીશ્રી ડો. સંતવલ્લભદાસજીએ 'વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ'નું નિમંત્રણ સૌનકજીને અર્પણ કર્યું હતું. જેનો સૌનકજીએ આદરપૂર્વક સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે આશીર્વચન આપતા સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે, "આદરણીય સૌનકજી ! આપ ન માત્ર ઈંગ્લેન્ડ, ભારતનું પણ ગૌરવ છો. ઈંગ્લેન્ડમાં વસતા હજારો હજાર ભારતીય ભાઈ-બહેનો આપને પ્રેમ કરે છે. આપના નેતૃત્ત્વમાં ભારત અને ગ્રેટ બ્રિટેનના સંબંધો વિશેષ સુદ્રઢ થયા છે અને ભવિષ્યમાં પણ વિશેષ સુદ્રઢ થતા રહેશે એવો અમને વિશ્વાસ છે.

વિશેષમાં સ્વામી માધવપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે, આ હજારો ભારતીય ભાઈ-બહેનોએ સમજદારી અને પુરુષાર્થથી ગ્રેટબ્રિટેનના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલું છે. આ કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર એક અજોડ મંદિર છે. આ ભવ્ય મંદિરના બાંધકામમાં એક પણ પૈસાનો લેબર ખર્ચ થયો નથી. આ બાંધકામ આ ઉત્સાહી ભાઈ-બહેનોએ શ્રમયજ્ઞથી કરેલું છે. આ મંદિરમાં વપરાયેલું મટીરીયલ પણ દાતાશ્રીઓ તરફથી દાનમાં મળેલું છે." સ્વામીશ્રીના પ્રવચનથી પ્રભાવિત થઈને આદરણીય પીએમ સ્વામીશ્રીને ભેટી પડ્યા હતા.

આદરણીય એમ.પી. બોબ બ્લેકમેન ભારતીય સમાજમાં ખૂબ જ લોકપ્રિય છે. તેઓને બધા બોબભાઈ કહીને બોલાવે છે. તેઓ બ્રિટીશ પાર્લામેન્ટમાં ભારતનો ખુલ્લો પક્ષ રાખે છે. એમણે મંદિરના સર્વ કાર્યકર્તાઓનો ઋષિ સૌનકને પરીચય કરાવ્યો હતો અને જણાવ્યું હતું કે, 'અમને ઈંગ્લેન્ડવાસીઓને પ્રથમ હિંદુ વડાપ્રધાન મળ્યા છે, એ અમારું સદ્‌ભાગ્ય છે. તેઓ ઈંગ્લેન્ડના સામાન્ય સેવક તરીકે તમારા બધાની પ્રગતિ માટે સખત પરીશ્રમ કરે છે.'

માનનીય વડાપ્રધાન શ્રી ઋષિ સૌનકે પોતાના અંતરનો અહોભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ મંદિરમાં આપે અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા એ અમારા સદ્‌ભાગ્ય છે. અમે ધન્યતા અનુભવીએ છીએ. અમારો ઉછેર મંદિરના વાતાવરણમાં થયો છે. એવું લાગે છે કે, મંદિરમાં બિરાજતા ભગવાન આપણને બધાને જોઈ રહ્યા છે.

આ વિસ્તારના એમ.પી. બોબ બ્લેકમેન હંમેશા હેરો મંદિરના સમુદાયની વાત અમને ગર્વથી કરતા રહે છે. અમારી કન્ઝર્વેટીવ પાર્ટી ધર્મોના મૂલ્યોને અનુસરે છે. અમારી કન્ઝર્વેટીવ પાર્ટીના કાર્યાલયમાં બોબ બ્લેકમેન જેવા સમજદાર એમ.પી.ની ખૂબ જરૂર છે."

આ પ્રસંગે સ્વામી માધવપ્રિયદાસજી, ડો. સંત સ્વામી, સ્વામી શુકદેવદાસજી-નારવાળા તથા સારંગપુરના કોઠારી વિવેક સ્વામી વગેરે સંતોએ સારંગપુર કષ્ટભંજનદેવની સુંદર પ્રતિમા સૌનકજીને અર્પણ કરી હતી. જેનો સહર્ષ સ્વીકાર કરતા સૌનકજીએ કહ્યું હતું, 'હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ હું મારી સામે પધરાવીશ.'

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન ખાતે વડાપ્રધાન શ્રી ઋષિ સૌનકની આ મુલાકાત ઐતિહાસિક અને યાદગાર રહી હતી.

તારીખ ૭ જુલાઈ, ૨૦૨૪ અષાઢ સુદ બીજના પવિત્ર દિને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ૧૭ મો ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો. જગતનો નાથ જગન્નાથજી જ્યારે નગરયાત્રાએ પધારે ત્યારે એમનો વૈભવ સામાન્ય ન હોય. હજારો ભક્તો ભાવભર્યા હૃદયે નાથજીને વધાવવા તત્પર હોય. એવા સમયે નાથજી રથમાં બિરાજી વાજતે-ગાજતે દર્શન દેવા પધારે ત્યારે ભક્તો નતમસ્તક થઈ પૂજન-અર્ચન-આરતિ કરી ધન્યતા અનુભવે. આવા જ દૃશ્યો રથયાત્રાના પવિત્ર દિવસે કર્ણાવતી નગરના રાજમાર્ગો ઉપર નિહાળવા મળ્યા. જ્યારે ગુરુકુમાં ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવી રથમાં બિરાજી યાત્રાએ નિકળ્યા.

મધ્યાહ્ને ૧૨:૩૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે સો ઉપરાંત બહેનોએ ભગવાન શ્રીજગન્નાથજી, બળરામ ભૈયા અને સુભદ્રાબેનનું પૂજન કર્યું હતું. પૂજન પૂર્ણ થતાંની સાથે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પૂજ્ય સંતો, અમદાવાદ શહેરના કોર્પોરેટર મિત્રો, યજમાનો વગેરે મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરી માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. એક કિલોમીટરથી પણ વધારે લાંબી રથયાત્રામાં ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસ માંડળી, શરણાઈ વાદકો, વિવિધ નયનરમ્ય ફ્લોટો, કળશધારી બહેનો, વિદ્યાર્થીઓ, સંતોના રથો, ગુરુકુલના પ્રણેતા શાસ્ત્રીજી મહારાજનો રથ, પ્રસાદ રથ જેવા અનેક રથો યાત્રામાં જોડાયા હતા. રથયાત્રાને વધાવવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સરભરા કરી હતી. યાત્રા દરમિયાન હજારો કીલો કાકડી, ખારેક, મગ, ચોકલેટ પ્રસાદ રુપે વહેંચવામાં આવ્યા હતા. નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. પૂજ્ય સ્વામીજીએ વિડિયો સંદેશ દ્વારા રથયાત્રાનો મહિમા સમજાવ્યો હતો. પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ સૌની સેવાને બિરદાવી હતી.

રથયાત્રા દરમિયાન રસ્તામાં વેરાયેલ પ્લાસ્ટીકની થેલીઓ, પાણીના પાઉચો, પ્રસાદના ખાલી પેકેટો વગેરે કચરાની સફાઈ ગુરુકુલના ત્રણસો સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી. રથયાત્રાને વિશેષ સુશોભિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના ભક્તજનો તથા શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનો ભારે ભક્તિભાવ સાથે જોડાયા હતા. ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં અમદાવાદની વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો. વિશેષમાં આજે ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો પ્રાગટ્ય દિવસ હોવાથી વિશેષ ભજન તથા ભાવપૂજનના આયોજનો થયા હતા.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામ ઉપક્રમે

SGVP ગુરુકુલ પરિવાર દ્વારા

ચાતુર્માસિ નિયમ ગ્રહણ

'વંદુ સહજાનંદ' પદો તથા ધર્મજીવન ગાથા ગ્રંથના પાઠનું વિશેષ નિયમ

ચાતુર્માસિ પ્રારંભ
તા. 17-07-2024
અષાઢ સુદ-11

ચાતુર્માસિ પૂર્ણાહુતિ
તા. 12-11-2024
કાર્તિક સુદ-11

SGVP
AHMEDABAD

નોંધ : આપે કરેલું ભજન 'SGVP ભજન બેંક' એપ્લીકેશનમાં જમા કરવા વિનંતી.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી કિશોરભાઈ મંગલદાસ ઠક્કર :- ગામ લાખાપર, હાલ મુંબઈ નિવાસી પ.ભ. શ્રી કિશોરભાઈ ઠક્કર તા. ૨૯ જુન ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. કિશોરભાઈનો સત્સંગ તથા સમજણ સૌને પ્રેરણા આપે તેવા હતા. ગુરુકુલના દરેક ઉત્સવોમાં એમની હાજરી અવશ્ય રહેતી. આ પરિવારની સેવા પણ ગુરુકુલમાં ખૂબ રહી છે. ભગવાન શ્રીહરિ કિશોરભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પુરુષોત્તમભાઈ હરિલાલ પટેલ :- ગામ મોખાસણ, હાલ અમેરિકા નિવાસી પ.ભ. શ્રી પુરુષોત્તમભાઈ પટેલ તા. ૭ જુલાઈ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. પુરુષોત્તમભાઈ ખૂબ સારો સત્સંગ રાખતા હતા. ભગવાન શ્રીહરિ તથા સંતો સાથે અપાર હેત હતું. ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓ પ્રત્યે તેઓ ખૂબ આદર ધરાવતા હતા. ભગવાન શ્રીહરિ પુરુષોત્તમભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા ભાગવતભાઈ, કિસનભઆઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સુમિતભાઈ દેવચંદભાઈ સાવલિયા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી સુમિતભાઈ સાવલિયા તા. ૧૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે ખૂબ સ્નેહથી જોડાયેલો આ પરિવાર ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ સુમિતભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા દેવચંદભાઈ, સંજયભાઈ, વિપુલભાઈ, અક્ષિત વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રજનીકાંતભાઈ ત્રિભુવનભાઈ પંડ્યા :- અમેરિકા નિવાસી શ્રી રજનીકાંતભાઈ તા. ૧૫ જૂન, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. રજનીકાંતભાઈ ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલા હતા. ભગવાન શ્રીહરિ રજનીતાંચભાઈના પવિત્ર આત્માને સાશ્વત સુખ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. નિરાંતબેન મગનભાઈ પટેલ :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના માતુશ્રી નિરાંતબેન પટેલ ૧૫ જુનના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ નિરાંતબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ મગનભાઈ, સુરેશભાઈ, ચંદ્રેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધોળીબેન દેવજીભાઈ ખૂંટ :- ગામ ભાડેર નિવાસી શ્રી ધોળીબેન તા. ૨૦ જુન ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ધોળીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ દેવજીભાઈ, ધીરુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી લાલજીભાઈ મેઘાણી, અમદાવાદ
પ.ભ. શ્રી રાકેશભાઈ કાનજીભાઈ રૂપાવટિયા
સાં.યો. મનહરબેન, ગઢડા
પ.ભ. શ્રી રવજીભાઈ વરસાણી, કચ્છ
શ્રી દર્શનાબેન દવે, અમદાવાદ
પ.ભ. શ્રી વસંતભાઈ લીંબાસિયા, રાજકોટ
અ.નિ. શ્રી માનજીભાઈ ખેતાભાઈ પટેલ પરિવાર, અમદાવાદ
શ્રી આરાધ્યા રવિભાઈ માનસતા, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રણય ધીરજભાઈ વેકરિયા, સીડની
અ.નિ. શ્રી શાંતિલાલ જીવરામભાઈ જેષી, મેમદાવાદ
પ.ભ. શ્રી અભયભાઈ તથા વિપુલભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી વૈભવભાઈ દેસાઈ, અમેરિકા
પ.ભ. શ્રી લાલજીભાઈ સોની, અમદાવાદ
પ.ભ. શ્રી રાજગુરુ હરિવંશ, સુરત

આગામી આયોજન

તા. ૧૪/૦૮/૨૪, બુધવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૬/૦૮/૨૪, શુક્રવાર : **પવિત્રા એકાદશી :**
તા. ૨૬/૦૮/૨૪, રવિવાર : **જન્માષ્ટમી મહોત્સવ : રાત્રે ૯:૦૦ કલાકે,** અમદાવાદ ગુરુકુલ
તા. ૨૯/૦૮/૨૪, ગુરુવાર : **અજા એકાદશી**

SGVP HOLISTIC HOSPITAL

FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

ધ્રુજારી, પાર્કિન્સન જેવા ન્યુરો-ડીસિઝમાં RFA અકસીર અને અત્યાધુનિક ઈલાજ

સિનિયર ન્યુરોલોજિસ્ટ ડો. સાગર બેટાઈ સાથે મનીષા શાહની ખાસ વાતચીત

Doctor's Desk

૨૧ જ્યમાં સૌપ્રથમ એવું ન્યુરોલોજિકલ મોડ્યુલેશન ટેક્નોલોજી થેરાપી સેન્ટર વૈષ્ણોદેવી ચાર રસ્તા પાસે એસજી હાઈવે ખાતે આવેલી એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલમાં શરૂ કરવામાં આવ્યું છે, જેનું સંચાલન જાણીતા સિનિયર ન્યુરોલોજિસ્ટ ડો. સાગર બેટાઈ કરે છે. 'સમભાવ મેટ્રો' સાથેની વાતચીત દરમિયાન ન્યુરોલોજીની બીમારી એટલે કે મૂવમેન્ટ ડિસઓર્ડરથી પીડાતા દર્દીઓ માટે તેમણે જણાવ્યું હતું કે અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી તાજેતરમાં શરૂ કરેલી સારવાર એ રાજ્યભરમાં સૌપ્રથમ છે. આ સારવાર માત્ર યુવાનો અને વૃદ્ધો માટે જ નહીં, પરંતુ બાળકોના પણ વિવિધ જટિલ, દુષ્કર ન્યુરોલોજિકલ રોગો માટે ન્યુરો મોડ્યુલેશન જેવી નવીનતમ અને અદ્યતન જર્મન ટેક્નોલોજી થેરાપીવાળી સારવાર છે, જે એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલ ખાતે પ્રદાન કરવામાં આવી રહી છે. ડો. બેટાઈ કહે છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવના કારણે ગુજરાત અને રાજસ્થાનમાં અંદાજે ૨૫થી ૩૦ લાખ દર્દીઓ આ રોગથી પીડાઈ રહ્યા છે. ડો. બેટાઈ વધુમાં જણાવે છે કે આરએફ એબ્લેશન અને એઆઈ આધારિત બ્રેઈન લેબ ટેક્નોલોજીમાં અમે સૌથી આગળ છીએ. અમારો ધ્યેય અસહ્ય, ન્યુરોલોજિકલ રોગો પરાવતા દર્દીઓને એક નવી આશા આપીને તેમનું સ્વાભિમાન અને ગૌરવ પુનઃ સ્થાપિત કરવાનો છે.

એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલનો ન્યુરો મોડ્યુલેશન વિભાગ અનેક રીતે અગ્રેસર

રાજ્યના સર્વપ્રથમ એવા ન્યુરો મોડ્યુલેશન વિભાગમાં અદ્યતન ટેક્નોલોજી થેરાપી અપાય છે. મુખ્યત્વે રેડિયો ફ્રીકવન્સી એબ્લેશન (આરએફએ) અનેક લોકો માટે આશીર્વાદ સમાન છે. આ ઉપરાંત અમારી હોસ્પિટલમાં ડીપ બ્રેઈન સ્ટિમ્યુલેશન (ડીબીએસ), દવાઓ, ફિઝિયોથેરાપી અને પુનઃ સ્થાપનનો પણ સમાવેશ થાય છે.

ન્યુરોલોજિકલ ડિસીઝમાં આરએફ એબ્લેશનનો શું ઉપયોગ હોય?

ન્યુરોલોજિકલ ડિસીઝના પ્રારંભિકથી લઈને મધ્યમ તબક્કાઓમાં દવાઓ અને ફિઝિયોથેરાપી સારી રીતે અસર કરે છે, જેમ જેમ આ રોગ જટિલ તબક્કાઓમાં પ્રવેશે તેમ તેમ ઉપરોક્ત સારવાર માટે થોડી જ રાહત આપી શકે છે. આ પ્રકારના જટિલ તબક્કાઓમાં આરએફ એબ્લેશન દર્દીઓ માટે મોટી રાહતરૂપ સાબિત થાય છે. ખાસ કરીને ગતિશીલ રોગો, એસેન્શિયલ ટ્રેમર (ધ્રુજારી), ડિસ્ટોનિયા, રાઈટર કેમ્પ, પાર્કિન્સન જેવા રોગ ઉપરાંત કેન્સર સંબંધિત દુખાવો, કીમોથેરાપી અથવા કોઈ દવાના કારણે થતા ન્યુરોપથી સ્ટ્રોક પછીનો દુખાવો હોય તો તેમાં પણ આરએફએ કારગત નીવડે છે. ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર (ઓસીડી), ડ્રગ્સની લત, ગંભીર નિરાશા (ડિપ્રેશન) જેવા માનસિક વિકારમાં પણ આ સારવાર ચમત્કાર સર્જી શકે છે.

ટ્રેમર (ધ્રુજારી) વિશે જાણવું જરૂરી

ટ્રેમર થાય ત્યારે શરીરના એક અથવા વધુ ભાગોમાં અનૈચ્છિક કંપન (ધ્રુજારી) અથવા કંપનનાં હલનચલન જોવા મળે છે, જે સૌથી વધુ વ્યક્તિના હાથને પ્રભાવિત કરે છે. ટ્રેમર ગતિશીલ વિકારનો સૌથી સામાન્ય પ્રકાર છે અને તે સામાન્ય રીતે ૨૦-૩૦ વર્ષની ઉંમરથી શરૂ થાય છે અને વ્યક્તિ ૪૦-૫૦ વર્ષની ઉંમર પાર કરે ત્યારે આ વ્યાધિ વધી જાય છે.

ડિસ્ટોનિયા એટલે શું?

ડિસ્ટોનિયામાં વ્યક્તિના શરીરના વિવિધ ભાગોના સ્નાયુઓ જકડાઈ જાય છે, હાથ-પગ વળી જાય છે, દર્દીના હાથ-પગ, ગરદન અથવા ચહેરો અને મોઢું વળી જાય છે. સામાન્ય રીતે ડિસ્ટોનિયા જિંદગીના પ્રથમ અને બીજા દાયકામાં બાળકને પ્રભાવિત કરે છે, પરંતુ ક્યારેક તે છેક ૪૦ વર્ષની ઉંમરે થઈ શકે છે.

ટાસ્ક સ્પેસિફિક ડિસ્ટોનિયા એટલે શું?

ટાસ્ક સ્પેસિફિક ડિસ્ટોનિયામાં કેટલાંક ચોક્કસ કાર્ય કરતાં હોઈએ ત્યારે ડિસ્ટોનિયા થાય છે, જેમ કે લેખક (રાઈટર્સ ક્રેમ્પ), સંગીતકાર (મ્યુઝિશિયન ડિસ્ટોનિયા) વગેરેને તેમની લખવા અને સંગીતનાં સાધનો વગાડવાની કામગીરીમાં અસર થાય છે. સામાન્ય રીતે તે ૨૦-૪૦ વર્ષની ઉંમરના યુવાનોમાં જોવા મળે છે. અત્યાર સુધી આ બીમારીનો કોઈ ઈલાજ નહોતો, પરંતુ હવે ઈતિહાસમાં પહેલી વાર આનાથી સારું થઈ શકે તેવી વન ટાઈમ ટ્રીટમેન્ટ અમે આપી રહ્યા છીએ, જેના કારણે દર્દી આજીવન અથવા તો વર્ષોવર્ષ આ સમસ્યાથી મુક્ત થાય છે, જેનો ખર્ચ પણ ઓછો આવે છે.

પાર્કિન્સન રોગ વિશે પણ જાણો

પાર્કિન્સન મગજનું વિઘટન કરનારો રોગ છે, જે સમગ્ર શરીરની ગતિ, ચાલવાની ગતિ, નાનાં પગલાં, કઠોર શરીર અને કંપનનું કારણ બને છે. તે સામાન્ય રીતે ૪૦-૫૦ વર્ષની ઉંમરે શરૂ થાય છે અને સમય જતાં તેની વધુ ખરાબ અસર દેખાય છે.

ન્યુરો મોડ્યુલેશનની અન્ય સારવાર RFA એટલે શું?

આરએફએ એટલે રેડિયો ફ્રીકવન્સી એબ્લેશન એ અદ્યતન પ્રકારની સારવાર છે, જે ઓછી આવકવાળા કેમિલી માટે આશીર્વાદ સમાન છે. ૧૮ વર્ષથી ઓછી વયનાં બાળકોમાં પણ આ શક્ય બને છે, જ્યારે ૧૮થી ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં આ સારવાર અત્યંત સરળતાથી કરી શકાય છે. આ બ્રેઈન સર્જરી નથી, પરંતુ બ્રેઈનની એક પ્રોસિજર છે, જેમાં બ્રેઈનમાં કી-હોલ સર્જરીથી એક મિલિમીટરનો પાતળો ઈલેક્ટ્રોડ પસાર કરવામાં આવે છે, સાથે માત્ર લોકલ એનેસ્થેસિયા આપવામાં આવે છે. આ કી-હોલ પ્રોસિજરના કારણે મગજની ૧૩ મિલિમીટરની પાતળી સ્વિચ હોય છે, જે બંધ થઈ જાય છે અને દર્દીને ત્વરિત રાહત મળવાનું શરૂ થઈ જાય છે.

આ સારવારની સમયમર્યાદા કેટલી?

મોટી ઉંમરે ધ્રુજારી વધારે આવતી હોય, ચાનો કપ હાથમાં પકડતાં જ છલકાઈ જતો હોય, હાથમાં અસ્થિરતા હોય, વારંવાર ધ્રુજારી આવતી હોય તેવા દર્દીઓ હોસ્પિટલમાં આ તમામ સમસ્યા માટે આવે છે અને આ હાઈ ઈમ્પેક્ટ પ્રોસિજર દ્વારા સારવાર લઈ સંપૂર્ણપણે સ્થિર અને સ્વસ્થ થઈ ઘેર જાય છે. માત્ર એક જ વખત હોસ્પિટલમાં આવ્યા બાદ તેમની આ પ્રકારની તમામ સમસ્યાઓનો અંત આવે છે. જર્મન ટેક્નોલોજી એની આરએફએ કી-હોલ બ્લડલેસ, પેઈનલેસ પ્રોસિજર છે, જેમાં વ્યક્તિ સારવાર દરમિયાન ભાનમાં જ રહે છે. સારવાર બાદ મોટા ભાગે દર્દીને દવા લેવાની જરૂર રહેતી નથી.

સાઈકિયાટ્રીના રોગો એટલે શું?

સાઈકિયાટ્રીના રોગો ઓસીડી (ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર) તરીકે ઓળખાય છે, જેવા કે કોઈ વ્યક્તિને સફાઈનું અત્યંત વળગણ હોય તેવા કેસમાં આ ટ્રીટમેન્ટ અસરકારક બને છે. નશામુક્તિ માટે પ્રયાસ કરતા હોય તેવા સિલેક્ટેડ કેસીસમાં પણ ફાયદો થાય તેવી ટ્રીટમેન્ટ અમે આગામી એક વર્ષમાં શરૂ કરવા જઈ રહ્યા છે. અંદાજે વર્ષ ૨૦૨૫માં આ પ્રકારની ટ્રીટમેન્ટ શરૂ કરી શકીએ તે દિશામાં અમે પ્રયાસો હાથ ધર્યા છે.

આ પ્રકારના રોગ જિનેટિક હોઈ શકે?

આ પ્રકારના રોગ તમામ વ્યક્તિ માટે જિનેટિક ન હોઈ શકે. ક્યારેક કોઈ કેસ ઉપરાંત ધ્રુજારી જિનેટિક હોઈ શકે છે. જિનેટિક સ્ટડી કરીને બાળકની શરૂઆતની ઉંમરથી જ સારવાર કરવાનું શક્ય બની શકે છે, જેમ કે બાળક માતાના ગર્ભમાં હોય ત્યારે જિનેટિક ટેસ્ટ કરીને જો આ રોગ જોખમી દેખાય તો એબોર્શન કરવા સુધીની સલાહ પણ આપી શકાય છે, જે કાયદાકીય રીતે પણ માન્ય છે.

ગરીબ દર્દીઓ માટે શી વ્યવસ્થા હોઈ શકે?

આરએફએ સારવાર બહુ ખર્ચાળ નથી, છતાં પણ દર્દી અમારી પાસે આવે ત્યારે જો તે આ સારવારના ખર્ચને પણ પહોંચી વળી શકે તેમ ના હોય તો હોસ્પિટલ તરફથી તેમને રાહતદરે પણ કેટલાક કેસમાં સારવાર આપવામાં આવે છે. હજુ વધારે ફંડ માટે અમે વ્યવસ્થા કરી રહ્યા છીએ, જેથી વધુ ને વધુ ગરીબ દર્દીઓને સારવાર તદ્દન રાહતદરે કે જરૂર પડ્યે નિઃશુલ્ક પણ આપી શકાય, જે અમારો પ્રથમ પ્રયાસ હશે. આ ઉપરાંત આરએફએ સારવારને હેલ્થ ઈન્સ્યોરન્સ હેઠળ પણ આવરી લેવામાં આવી છે.

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 02717 240001, 95122 00122

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.



રથયાત્રા મહોત્સવ પ્રારંભે ભગવાન જગન્નાથના પૂજન તથા પહીંદ વિધિ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મહાનુભાવો તથા ભક્તજનો - અમદાવાદ ગુરુકુલ

શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામ ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર-અમદાવાદ આયોજીત

જ્ઞાનસત્ર-48

તા.06 થી 12 ઓગસ્ટ,2024

શ્રાવણ સુદ : 2 થી 7

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-